

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના સરવણા અને કેશરપુરા ગામના ગ્રામજનોએ અન્ડરબ્રીજની માંગણી સાથે શનિવારે નેશનલ હાઈવે ચક્કાજામ કર્યો હતો જેને લઈને ટ્રાફિક જામ સર્જાયો હતો. જે અંગે ગાંભોઈ પોલીસને જાણ થતા ઘટના સ્થળે પહોચી ટ્રાફિક પૂર્વવત કર્યો હતો. તો ઉલ્લેખનીય છે કે હાલમાં દિલ્હીથી બોમ્બે નેશનલ હાઈવે ૮ ફોરલેનનું શિક્ષ લેનમાં રૂપાંતર થઈ રહ્યું છે ત્યારે ગ્રામજનોને ખેતરમાં અવર-જવર કરવા માટે ગ્રામજનોએ અન્ડરબ્રીજની માંગણી સાથે ગ્રામજનોએ રોડ પર આવવું પડ્યું હતું.

# ડીસામાં સ્ટ્રોબેરીની સફળ ખેતી

## ઠંડા પરદેશમાં થતી સ્ટ્રોબેરીનો ડીસા પંથકમાં સફળ પ્રયોગ

ડીસાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જીલ્લામાં પ્રથમવાર સ્ટ્રોબેરીની સફળ ખેતી કરવામાં આવી છે. વાવેતર બાદ સ્ટ્રોબેરીના ફળો આવવાની શરૂઆત થઈ ચૂકી છે અને આગામી દશ દિવસમાં તેના ફળો પાકવા માંડશે અને તેનું ઉત્પાદન પણ શરૂ થઈ જશે.

સ્ટ્રોબેરીની ખેતી આમ તો સામાન્ય રીતે ઠંડા પ્રદેશમાં થતી હોય છે. જેમ કે કશ્મીર, હિમાચલ પ્રદેશ, ખંડલા, મહાબળેશ્વર જેવા ઠંડા અને ઉચ્ચ પ્રદેશમાં સ્ટ્રોબેરીની ખેતી કરવામાં આવે છે. સ્ટ્રોબેરીની ખેતી માટે તાપમાન ખૂબ જ ઓછું હોવું જોઇયે. પરંતુ તમે કલ્પી નહીં શકો કે ડીસા જેવા સૂકા અને રણ પ્રદેશમાં સ્ટ્રોબેરીની સફળ ખેતી કરવામાં આવી હોય. પણ આ



વાત સાચી છે. ડીસા ખાતે આવેલા કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં ગત વર્ષે સ્ટ્રોબેરીના ૧૫૦૦ છોડનું વાવેતર ડિસેમ્બરમાં કરવામાં આવ્યું હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જે ૧૫૦૦ છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું તે વાવેતર બે પધ્ધતિથી કરવામાં આવ્યું હતું.આ વાવેતર ઓર્ગેનિક અને રસાયણિક પધ્ધતિથી કરવામાં આવ્યું હતું અને અત્યારે આ બંને પધ્ધતિથી કરવામાં આવેલા વાવેતરમાં ફળો આવવાની શરૂઆત થઈ ચૂકી છે.અને આગામી દશ દિવસમાં આ છોડ પર સ્ટ્રોબેરીના ફળોનું ઉત્પાદન પણ શરૂ થઈ જશે.

આ બાબતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ડીસાના યોગેશ પવારે જણાવ્યું હતું કે સ્ટ્રોબેરીની ડીસામાં કરવામાં આવેલી સફળ ખેતી ખરેખર કરિશ્મા સમાન છે.કારણ કે ડીસાનું હવામાન સૂકું છે. પરંતુ તેમ છતાં ડીસામાં ઠંડી ખૂબ જ વધારે પડતી હોવાના લીધે સ્ટ્રોબેરીની ખેતી કરવામાં સફળતા મળી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો જે હવે રવિ સિઝનમાં પાક બદલવાનું વિચારી રહ્યા છે તેમના માટે સ્ટ્રોબેરીની ખેતી આગામી સમયમાં ખૂબ જ સારો વિકલ્પ સાબિત થઈ શકે છે.

# ભિલોડામાં ધોળેદહાડે બંધ મકાનમાં તસ્કરોની કરામત ૩.૫ લાખના દાગીનાની લૂંટ

અરવલ્લી જીલ્લામાં ચોરી-તસ્કરીની ઘટનાઓ યથાવત જોવા મળી રહી છે. જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોને ઘરફોડ ચોરી કરતી ગેંગ ઘમરોળી રહી છે. પોલીસતંત્ર તપાસના ઘોડા કાગળ પર દોડાવી રહી હોય તેમ જીલ્લામાં ચોરીનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. ભિલોડાના શ્રી લક્ષ્મીનારાયણ મંદિર નજીક રહેતો પરિવાર અને આજુબાજુ રહેતા લોકો વિશ્વકર્મા જયંતીમાં દર્શનાર્થે જતા ધોળેદહાડે બંધ મકાનમાં તસ્કર ત્રાટકી તિજોરીમાં રાખેલા ૩.૫૦ લાખના દાગીનાની ચોરી કરી રફુચક્કર થઈ જતા દર્શન કરી પરત ફરેલા પરિવારજનો ઘરમાં ચોરી થવાની ઘટનાથી આઘાતમાં સરી પડ્યા હતા. ભિલોડા પોલીસને ચોરીની ઘટનાની જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી પ્રાથમિક તપાસ હાથ ધરી રાબેતા મુજબની કામગીરી હાથ ધરી હતી.



ભિલોડાના હાર્દસમા અને ગીચ રહેણાંક વિસ્તાર એવા શ્રી લક્ષ્મીનારાયણ મંદિર નજીક રહેતા અને શિક્ષિકા તરીકે ફરજ બજાવતા ભાવનાબેન સુરેશભાઈ પંચાલ અને તેમના પતિ વિશ્વકર્મા જયંતિ હોવાથી મંદિરે દર્શનાર્થે મકાન બંધ કરી જતા ભર બપોરે તસ્કરો ત્રાટકી બંધ મકાનનું તાળું તોડી ઘરમાં રહેલો માલસામાન વેરવિખેર કરી લોખંડની તિજોરીનું લોક તોડી નાખી લોકરમાં રહેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી રૂ.૩૫૦૦૦૦ લાખના મુદ્દામાલની ચોરી કરી બિન્દાસ્ત રફુચક્કર થઈ જતા ભારે ચકચાર મચી હતી. ભિલોડા નગરમાં થતી સતત ઘરફોડ ચોરીની ઘટનાના પગલે લોકોમાં ભય સાથે આક્રોશ જોવા મળી રહ્યો છે. ભિલોડા પોલીસ રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલિંગ કરી ઘરફોડ ચોરી કરનાર શખ્સોને ઝડપી પાડવામાં આવેની માંગ પ્રબળ બની છે.

## ઘરેથી દવા લેવા જવાનું કહી નીકળેલા યુવકે ઝાડ પર ફાંસો ખાતા ચકચાર

સુરત,તા.૮

અલથાણ વિસ્તારમાં આવેલા સોહમ સર્કલ પાસે ઝાડ પર સવારના સમયે યુવકનો લટકતો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ સ્થાનિકોને થતાં પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે ફાયરબ્રિગેડની મદદથી મૃતદેહને નીચે ઉતારી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં પ્રાથમિક તપાસમાં મજૂરી કામ કરતો યુવક ઘરેથી દવા લેવા જવાનું કહીને નીકળ્યો હતો. એક વર્ષ અગાઉ યુવકના લગ્ન થયા હતા ત્યારે કયા સંજોગોમાં ફાંસો ખાધો તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના વકતાપુર ગામ પાસેની શ્રીરાજ કોટન જીનમાં શનિવારે સવારે શોર્ટ સર્કીટને કારણે આગ લગતા અંદાજે ૮૦૦ જેટલી રૂ ની ગાડીઓમાં આગની અસર થઈ હતી. જે આગને કાબુમાં લેવા સાત ફાયર ફાયટર, ૨૧ ફાયરમેન અને ત્રણ ઓફિસરોએ ૧ લાખ ૨૦ હજાર લીટર પાણી વડે આગ બુજાવી હતી.

# ભિલોડાના હિંમતપુર ગામનો શ્રીનગરમાં ફરજ બજાવતો આર્મી જવાન બીમારી સામે જંગ હાર્યો

અરવલ્લી જીલ્લાના યુવાનો લશ્કરમાં જોડાઈ માં-ભોમની રક્ષા કરી ઋણ અદા કરી રહ્યા છે ભિલોડા તાલુકાના હિંમતપુર ગામના અને શ્રીનગર આર્મીમાં ફરજ બજાવતા જવાનનું કેન્સર નામની જીવલેણ બીમારીથી મોત નીપજ્યું હતું આર્મી જવાનનો નશ્વરદેહ માદરે વતન પહોંચતા તેના પરિવારજનો અને પંથકમાં ભારે ગમગીની છવાઈ હતી શનિવારે શહીદ જવાનની અંતિમક્રિયામાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના અગ્રણીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા આર્મી જવાનનો નશ્વરદેહ ગાર્ડ ઓફ ઓનર સાથે અગ્નિદાહ આપવામાં આવ્યો હતો.



ભિલોડા તાલુકાના હિંમતપુર ગામના નટુભાઈ સુરામભાઈ ગામેતી દેશની સેવા માટે ભારતીય લશ્કરમાં જોડાયા હતા ૧૬ વર્ષથી દેશના વિવિધ સ્થળોએ માં-ભોમની રક્ષા કરી ઋણ અદા કરી રહ્યા હતા શ્રીનગર ફરજ દરમિયાન આર્મી જવાનને કેન્સર ની બીમારી થતા શ્રીનગરની સ્થાનિક લશ્કરી હોસ્પિટલ અને દિલ્હી લશ્કરી હોસ્પિટલમાં સઘન સારવાર આપવામાં આવી હતી હાલ આર્મી જવાનની અમદાવાદ લશ્કરી હોસ્પિટલમાં સઘન સારવાર આપવા છતાં દુશ્મનોને હરાવવા સજ્જ બનેલ નટુભાઈ ગામેતી જિંદગી સામેનો જંગ હારી જતા મોત નિપજતા આર્મી જવાનના પરિવારજનોમાં ભારે આક્રંદ છવાયું હતું આર્મી જવાનના પાર્થિવદેહ ને તેમના માદરે વતન હિંમતપુર ખાતે ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમક્રિયા કરવામાં આવી હતી.

૧૬ વર્ષથી આર્મીમાં ફરજ બજાવતા નટુભાઈ ગામેતી નિવૃત્તિના બે મહિના પહેલા કેન્સર નામની બીમારીથી મોત ભેટતા તેમના ૮ અને ૬ વર્ષીય સંતાને પિતૃછાયા ગુમાવતા અને તેમના પત્નીએ આધાર ગુમાવતા ભારે આઘાતમાં સરી પડ્યા હતા.

# સરસવ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આરોગ્ય મેળો યોજાયેલ

સાબરકાંઠા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.રાજેશ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી ડો.એસ. એમ.ચૌહાણના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જિલ્લાના



વિજયનગર તાલુકાના પ્રા.આ. કેન્દ્ર સરસવ ખાતે વિજયનગર તાલુકા હેલ્થ ઓફિસ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સરસવના સયુંકત ઉપક્રમે આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. વિજયનગર તાલુકાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ મયુર શાહ, મરિયમબેન, જીવાજી અસારી તેમજ વિવિધ રોગોના નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શુભ શરૂઆત ભારતીય સંસ્કૃતિ પ્રમાણે પ્રાર્થનાથી કરવામાં આવી ત્યાર બાદ દીપ પ્રગટાવીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. મહેમાનોનું સ્વાગત શાલ ઓઠાડી પુષ્પગુચ્છથી કરવામાં આવેલ.

આ કેમ્પમાં ડો. રાજેશ ડામોર (ઓર્થોપેડીક સર્જન) શિવ ઓર્થોપેડીક હોસ્પિટલ, ઈડર, ડો.અલ્તાફ મેમણ, સુમન હોસ્પિટલ, ઈડર, ડો. પ્રમોદ ખરાડી (કાન, નાક, ગળાના સર્જન) પ્રણાલી હોસ્પિટલ, ઈડર, ડો. રાજપુરા (ગાયનેક) સા.આ. કેન્દ્ર, વિજયનગર, ડો.મેહુલ દેસાઈ (ગાયનેક)મા ગાયનેક હોસ્પિટલ, ઈડર, આત્મવલ્લભ હોસ્પિટલ, ઈડર આંખ વિભાગની ટીમ, ડો.ચિંતન ડબગર (ડેન્ટલ સર્જન) ડો.રાજેશ જોશિયારા (એસો. પ્રોફેસર), ડો.ક્રિષ્ના બોડાત (મેડિકલ ઓફિસર), ડો. રાજેન્દ્ર ભુરીયા (મેડિકલ ઓફિસર), ડો. બીના પરમાર (મેડિકલ ઓફિસર), ડો. ચિરાગ ડામોર (સુપ્રિટેન્ડેન્ટ, સા.આ. કેન્દ્ર-ચોરીવાડ), ડો. એ.બી. અસારી (મેડિકલ ઓફિસર), ડો.ચિરાગ અસારી (એમ.બી.બીએસ.), ડો. દર્શિલ ખરાડી દ્વારા આરોગ્ય તપાસ તથા સારવાર કરવામાં આવી. આરોગ્ય મેળામાં આંખની તપાસ દરમિયાન જરૂર મુજબ આંખના નંબરના ચશ્મા મફતમાં પૂરા પાડવામાં આવ્યા હતા. મોતિયાના દર્દીઓને આત્મ વલ્લભ હોસ્પિટલમા મફત ઓપરેશનની વ્યવસ્થા કરવામાં આવી. કેમ્પની સફળતા માટે પ્રા.આ. કેન્દ્ર સરસવના મેડિકલ ઓફિસર ડો.પ્રવિણ અસારી તથા પ્રા.આ. કેન્દ્ર સરસવ, કોડિયાવાડાની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## સીએએ-એનઆરસીનાં સમર્થનમાં ક્વોરી ઉદ્યોગ સજ્જડ બંધ, હજારો ડમ્પરોના પૈડા થંભી ગયા

વડોદરા,તા.૮

સીએએ અને એનઆરસીના સમર્થનમાં શનિવારથી મધ્ય ગુજરાત ક્વોરી એસોસિયેશન દ્વારા બંધનું એલાન હતું. જેને પગલે વડોદરા, પંચમહાલ અને ખેડા જિલ્લાની ૧૫૦થી વધુ ક્વોરીઓ બંધ રહી છે અને હજારો ડમ્પરોના પૈડા થંભી ગયા છે.

મધ્ય ગુજરાત ક્વોરી એસોસિયેશન દ્વારા પંચમહાલ, વડોદરા અને ખેડા જિલ્લાના તમામ ક્વોરી ઉદ્યોગ કેન્દ્ર સરકારના સીએએના કાયદાના સમર્થનમાં ૮ ફેબ્રુઆરી શનિવારે સવારે ૮ વાગ્યાથી ૧૦ ફેબ્રુઆરીને સવારે ૮ વાગ્યા સુધી ઉત્પાદન અને વેચાણ સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો. જેને પગલે શનિવારે ક્વોરી ઉદ્યોગ સજ્જડ બંધ રહ્યો. મધ્ય ગુજરાત ક્વોરી એસોસિયેશનના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, ભારતીય નાગરિકતા આપવાના સીએએના કાયદાને અમે હદયથી સમર્થન કરીએ છીએ. જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા એનપીઆર લાગુ કરવામાં આવેલ છે તેનો પણ દેશના વિકાસ માટે સમર્થન કરીએ છીએ. જેને પગલે અમે બંધ રાખીને સમર્થનમાં જોડાયા છીએ. અને બંધ દરમિયાન કામદારોને તેમનું પુરેપૂરું વેતન ચૂકવવામાં આવશે. ક્વોરી ઉધોગ બંધ કરીને મેસેજ આપવા માંગીએ છીએ કે, આ કાયદો માનવતાવાદી અને દેશની સંસ્કૃતિને આધારિત છે. માટે આ કાયદાનો વિરોધ કરવો તે ખરેખર સંવિધાનનો વિરોધ કરવા બરાબર છે.

## આદિવાસી રાઠવા સમાજના બંધ મામલે ૪ પોલીસ ફરિયાદ નોંધાઈ

છોટાઉદેપુર,તા.૮

૭મી ફેબ્રુઆરીએ રાઠવા સમાજે આપેલા બંધના એલાન દરમિયાન રસ્તા ઉપર ટાયરો સળગાવવા અને રસ્તા વચ્ચે લાકડા મૂકીને વડોદરા-મધ્યપ્રદેશ વચ્ચેના હાઈવે ઉપર ટ્રાફિક અવરોધ ઉભો કરવા બાબતે છોટાઉદેપુર જિલ્લામાં ૪ અલગ-અલગ ગુના નોંધાયા છે. જેમાં બે ગુના છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં અને બે ગુના પાવી જેતપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયા છે. જેમાં નામજોગ ૧૯ લોકો અને ૨૦૦થી ૨૫૦ લોકોના ટોળા સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લોકરક્ષક દળની ભરતીમાં રાઠવા સમાજના ઉમેદવારોને ઉચ્ચ મેરિટ હોવા છતાં પસંદગી ન કરાતા છોટાઉદેપુર જિલ્લામાં સમસ્ત આદિવાસી રાઠવા સમાજ દ્વારા ૭ ફેબ્રુઆરીએ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેમાં યુવાનોએ ટાયરો સળગાવી, રસ્તા વચ્ચે લાડકા મૂકીને ચક્કાજામથી લઈને બોડેલી પાસે વડોદરા-છોટાઉદેપુર ટ્રેનને રોકીને વિરોધ વ્યક્ત કર્યો હતો. જેમાં છોટાઉદેપુર જિલ્લામાં ૪ ગુના નોંધીને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જેલતંત્ર નિંદ્રામાં..!! દીવાલ કૂદીને કાચા કામના બે કેદી ફરાર

દાહોદ જિલ્લાની દેવગઢ બારીયા સબ જેલમાંથી કાચા કામના બે કેદી દીવાલ કૂદીને ફરાર થઈ ગયા છે. શુક્રવારે રાત્રે ૮ વાગ્યે જમવા માટે બહાર નીકળ્યા તે સમયે આ કેદીઓએ રેકી કરી પ્રાર્થના કરવાના સમયે કોટ કૂદી ફરાર થઈ ગયા હતા. છોટાઉદેપુર જિલ્લાના મીઠીબોર ગામનો કુખ્યાત બુટલેગર ભીખા ભલજી રાઠવા અને ધાનપુર તાલુકાના ડુમકા ગામમાં અપહરણ અને દુષ્કર્મના ગુનાનો કેદી કોઉંસીક કિર્તન ડામોર દેવગઢ બારીયા સબ જેલમાંથી ફરાર થઈ જતા પોલીસ દોડતી થઈ ગઈ છે.